આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૭૯ | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૨, બુધવાર; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જો તમે તમારા ચારિત્ર્યની સંભાળ લેશો તો કીર્તિ સ્વયં તમારી સંભાળ લેવા આવશે

- એસ. ભટ્ટાચાર્ય

# આવતીકાલે સે-૧૫માં મતગણતરી

## જીલ્લાની પાંચેય બેઠકો માટે ૫૦૦ કર્મચારીઓની મતગણતરી માટે નિમણુંક

## સેક્ટર-૧૫માં આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે ઘનિષ્ઠ બંદોબસ્ત ગોઠવાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં ૫૦૦ જેટલા કર્મચારીઓની મતગણતરી માટે નિમણુંક કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં મતદાનની કામગીરી સંપન્ન થયા બાદ તંત્રએ હવે મતગણતરીની કામગીરી પર તેનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

૨૦મીએ સવારે ૮ વાગે આ મતગણતરીની કામગીરી સે-૧૫માં આવેલ કોમર્સ કોલેજ અને આર્ટસ કોલેજ કેમ્પસમાં હાથ ધરવામાં આવશે. આ માટે પાંચેય વિધાનસભા મતવિસ્તારના સ્ટ્રોંગરૂમ તૈયાર કરવામાં આવ્યા છે અને આ સંકુલોની સલામતિ કેન્દ્રીય અર્ધ લશ્કરી દળના જવાનો કરી રહ્યા છે.

આજે નિરીક્ષકો દ્વારા જિલ્લામાં ૭૦ ટકાથી વધુ મતદાન થયું છે તેવા મતદાન મથકના અધિકારીઓના રોજકામ તેમજ ડાયરીઓ ચકાસી હતી.

મતગણતરી માટે દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ ૧૪ ટેબલ ગોઠવવામાં આવશે. પ્રથમ પોષ્ટલ બેલેટની ગણતરી હાથ ધરવામાં આવશે. આ પછી ઈ.વી.એમ.ના મતોની મતગણતરી હાથ ધરવામાં આવશે.

મતગણતરી કેન્દ્ર ખાતે સુરક્ષા વ્યવસ્થા પણ સઘન ગોઠવવામાં આવશે. મતગણતરી હોલમાં માત્ર સત્તાવાર વ્યકિતઓ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવશે નહિ.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરીના જણાવ્યા મુજબ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પાંચેય વિધાનસભા મતવિસ્તારના પરિણામો જાહેર થઈ જશે.



ગાંધીનગર જીલ્લાની પાંચેય બેઠકોના ૪૩ ઉમેદવારોનું ભાવિ આ રૂમમાં સીલબંધ કરાયું છે.... જીલ્લાની પાંચેય બેઠકો માટેના મતદાન બાદ સીલ કરાયેલા ઈ.વી.એમ. મશીન ગાંધીનગરની સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજના વર્ગખંડમાં મુકાયા છે અને જેના દરવાજાને સીલ કરી રાઉન્ડ ધ ક્લૉક સીક્યોરીટીનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવાયો છે... આવતીકાલે ગુરૂવારે સવારથી ૪૩ ઉમેદવારોમાંથી પાંચ ધારાસભ્યો બની જશે એવા મહાનુભાવોનું ભાવિ આ રૂમમાં સંગ્રહાયેલું રહ્યું છે.... ૨૦મી ડિસેમ્બરનો ઈન્તજાર કરીએ... કૌન બનેગા ધારાસભ્ય.... **(તસવીર : દિપક જાની)**

# ૨૬ જિલ્લા મથકો પર મતગણતરી

## 33 મતગણતરી કેન્દ્રો પર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઇ

અમદાવાદ, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની પ્રથમ અને બીજા તબક્કાની મળીને ૧૮૨ બેઠકોની ચૂંટણી યોજાઇ ગયા બાદ હવે તા. ૨૦મી ડિસેમ્બરને ગુરુવારે રાજ્યના ૨૬ જિલ્લા મથકોના ૩૩ કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે. મત ગણતરી માટે ચૂંટણી પંચે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો તેમજ બીજા તબક્કાની ૯૫ બેઠકોની મળી કુલ ૧૮૨ બેઠકોની ચૂંટણી સંપૂર્ણ શાંતિભર્યા માહોલમાં યોજાઇ ગઇ. બન્ને તબક્કાની ચૂંટણીમાં રેકર્ડ બ્રેક મતદાન થયું છે. કોણ હારશે કે કોણ જીતશે એ દાવો કરીને કોઇ કહી શકતું નથી. તમામની નજર તા. ૨૦મીને ગુરુવારે હાથ ધરાનારી મતગણતરી પર મંડાયેલી છે. રાજ્યમાં ૨૬ જિલ્લા મથકો પર ૩૩ કેન્દ્રો પર મતગણતરી માટેનું સુવિધા ઊભી કરવામાં આવી છે. મતગણતરી કેન્દ્રોની આસપાસ પોલીસનો સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનમાં મતદાન થયું હોવાથી બપોર સુધીમાં કયા પક્ષને બહુમતી મળી રહી છે તે સ્પષ્ટ થઇ જશે. ઘણા બધા જીતેલા ઉમેદવારોના તો બપોર સુધીમાં વિજય સરઘસો પણ નીકળશે.અમદાવાદ શહેર અને જિલ્લા માટેની મતગણતરી અમદાવાદના ત્રણ કેન્દ્રો પર ગુરુવારે હાથ ધરવામાં આવશે. જેમાં એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ, પોલીટેકનીક કોલેજ અને ગુજરાત કોલેજ ખાતે મતગણતરી કરવામાં આવશે. મતગણતરીના ત્રણેય કેન્દ્રો પરથી સાત-સાત બેઠકોની મતગણતરી થશે.

# જિલ્લામાં ૭૨ ટકા મતદારોએ મતદાર સ્લીપ રજુ કરી મતદાન કર્યું

**૧૫ અંધ મતદારોએ મતદાન કર્યું, સૌથી વધુ વોટરસ્લીપ કલોલમાં રજુ થઈ, ૫,૩૯,૩૬૨ મતદારોએ મતદાર સ્લીપ રજુ કરી તો ૧,૪૮,૮૫૫ મતદારોએ ઓળખકાર્ડ, ૫૫૦ આધારકાર્ડ પુરાવા તરીકે રજુ કર્યું હતું, સૌથી વધુ અન્ય પુરાવા ગાંધીનગર (ઉ) બેઠક પર રજુ થયા**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં વિક્રમી મતદાનમાં મતદાર સ્લીપનો ફાળો સૌથી મહત્વનો રહ્યો છે. ૭૨ ટકા મતદારોએ માત્રને માત્ર મતદાર સ્લીપને આધાર તરીકે રજુ કરી મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના નોંધાયેલ ૯,૯૯,૩૭૫ મતદારો પૈકી ૭,૪૪,૦૬૦ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. જેમાં ૩,૯૫,૭૭૬ પુરુષ મતદારો અને ૩,૪૮,૨૮૪ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે.

આજે પ્રાપ્ત થયેલ સત્તાવાર આંકડા પ્રમાણે જિલ્લામાં ૭૪.૪૫ ટકા મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે જેમાંથી ૭૨ ટકા મતદારોએ મતદાર સ્લીપનો ઉપયોગ આધાર તરીકે રજુ કરી અને મતાધિકાર વાપર્યો છે.

જિલ્લામાં થયેલ ૭,૪૪,૦૬૦ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો તેમાં સૌથી વધુ ૭૨ ટકા મતદારોએ તેમની ઓળખ તરીકે મતદાર સ્લીપ રજુ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર







